રાત દિવસ કૈં લાગે હર પળ એ પણ સાચું, આ પણ સાચું,
અંધારે આ કેવી ઝળહળ? એ પણ સાચું, આ પણ સાચું.

ભીતર શુંય ગયું દેખાઈ? ભણતર સઘળું ગયું ભુલાઈ,
કહેતો ફરું છું સૌની આગળ એ પણ સાચું, આ પણ સાચું.

અપમાનિત કે સમ્માનિત હો બેઉ ખેલ છે બન્ને ખોટાં,
કાં તો સ્વીકારી લે હર પળ એ પણ સાચું, આ પણ સાચું.

સપનામાંથી જાગ્યો જ્યારે એ પળમાં મૂંઝાયો ભારે,
અંદર-બાહર, આગળ-પાછળ એ પણ સાચું, આ પણ સાચું.

કોઈ 'કાલ'માં શું બંધાવું? કેવળ ખળખળ વહેતા જાવું,
'મિસ્કીન' આનું નામ છે અંજળ... એ પણ સાચું, આ પણ સાચું.

કોણ અહીં કોનું છે ક્યાં લગ? સઘળું નિશ્ચિત છતાંય લગભગ,
મિસ્કીન એનું નામ છે અંજળ... એ પણ સાચું, આ પણ સાચું.

◆

કોઈ ડોકાશે નહીં કોશિશ ન કર,
દર્દ સમજાશે નહીં કોશિશ ન કર.

આંખમાં-દિલમાં-હથેળી પર લખ્યું,
કૈં જ વંચાશે નહીં કોશિશ ન કર.

હાથમાં છે હાથ વર્ષોથી છતાં,
નાડ પકડાશે નહીં કોશિશ ન કર.

છે કણેકણમાં ભલે ગ્રંથો કહે,
ક્યાંય દેખાશે નહીં કોશિશ ન કર.

દોસ્ત! સઘળું અહીંયાં વૉટરપ્રૂફ છે,
કોઈ ભીંજાશે નહીં કોશિશ ન કર.

હા ભલે મતભેદ હમ્મેશા થતા,
મન અલગ થાશે નહીં કોશિશ ન કર.

એમને માટે સંબંધો વસ્ત્ર છે,
એ ત્વચા થાશે નહીં કોશિશ ન કર.

છોડ તું બમણી ગતિની ઘેલછા,
બમણું જિવાશે નહીં કોશિશ ન કર.

જાતમાં મિસ્કીન ડૂબી જા હવે,
પાર પ્હોંચાશે નહીં કોશિશ ન કર.

◆

ક્યાંથી? ક્યાંથી? પસાર થઉં છું,
જમાય થઉં છું ઉધાર થઉં છું.

શ્વાસે શ્વાસે અપાર થઉં છું,
સ્મરણનો કેવો સુમાર થઉં છું.

આ તે કેવો વિચાર થઉં છું?
ટુકડે ટુકડે હજાર થઉં છું.

આંસુ, શબ્દો બધું જ ખૂટે,
પછી જ સાચી પુકાર થઉં છું.

સુખદુઃખ વચ્ચે તરણા જેવો,
આઘો-પાછો લગાર થઉં છું.

હજાર સાંજો હજાર યાદો,
ને એક ઝટકે સવાર થઉં છું.

જરાય મન ક્યાં? કશું થવાનું,
અને છતાંયે ધરાર થઉં છું.

ફર્યા કરે છે તમામ દુનિયા,
સૂરજની માફક પસાર થઉં છું.

નથી જ થઈ શકતો હું કશુંયે,
હરી ફરીને વિચાર થઉં છું.

◆

સ્વપ્નનું જગત શું છે? કો'ક દી તો જાણી જો,
મનની આ રમત શું છે? કો'ક દી તો જાણી જો.

કાળ, મુહૂર્ત, દસકો નામ ગમે તે આપે,
ટૂંકમાં વખત શું છે કો'ક દી તો જાણી જો.

પાંદડુંય ના ફરકે જો પ્રભુની ઇચ્છા વિણ,
આ બધી મમત શું છે કો'ક દી તો જાણી જો.

ફૂલથીય કોમળ છે આ કશુંક ભીતર તો,
વજ્રથી સખત શું છે કો'ક દી તો જાણી જો.

છે દરેકની કિંમત રોજ ચૂકવવાની પણ,
મૂલ્યમય મફત શું છે કો'ક દી તો જાણી જો.

તું સદાય ટાળે છે, ક્યાંય પણ ઉઘડવાનું,
પ્રેમની શરત શું છે કો'ક દી તો જાણી જો.

ખંડખંડ છે સઘળું એય રઝળતું મિસ્કીન,
તો પછી સતત શું છે? કો'ક દી તો જાણી જો.

◆

હોય છે ઘરમાં જુદો ને બ્હાર જુદો હોય છે,
એક માણસનો સતત વ્યવહાર જુદો હોય છે.

વાત એની એ જ તો પણ સાર જુદો હોય છે,
મૂડ પણ માણસનો વારંવાર જુદો હોય છે.

એક બાળકનોય કાયમ ભાર જુદો હોય છે,
ટૂંકમાં એ હાથ ઊંચકનાર જુદો હોય છે.

મન સુધી – મતલબ સુધી આકાર જુદો હોય છે,
કેમ સમજાવું? એ સમજણ-બ્હાર જુદો હોય છે.

આભથી આઘે કદી, તો પ્રાણથી પાસે કદી,
હરવખત એ યાદનો વિસ્તાર જુદો હોય છે.

એટલે સંબંધ સઘળા સાવ તરસ્યા નીકળે,
હોય છે જેની તરસ એ પ્યાર જુદો હોય છે.

હોય છે સંસારમાં, સંસાર એનામાં નહીં,
કોઈ પણ જાગેલનો સંસાર જુદો હોય છે.

ઘર જુદાં છે, મન જુદાં છે, આંખ પણ મિસ્કીન અલગ,
રાત એક જ પણ બધે અંધાર જુદો હોય છે.

◆

*એક પ્રસંગ યાદ આવે છે. હિમાલયના પર્વતો ઉપર એક પાંત્રીસ-ચાલીસ વર્ષનો મજબૂત સંન્યાસી પહાડ ચઢી રહ્યો છે. ખપ પૂરતું વજન ઊંચક્યું છે છતાંય હાંફી રહ્યો છે. તેની નજર એક દસ-બાર વર્ષની છોકરી ઉપર પડે છે. છોકરીને જોઈને પેલો સંન્યાસી પૂછે છે : આ છોકરાને ઊંચક્યો છે તો ભાર નથી લાગતો? છોકરી જવાબ આપે છે : સાધુમહારાજ, આ ભાર નથી. આ તો મારો ભાઈ છે. એક બાળકને માતા ઊંચકે, તેને સાચવનારી પગારદાર સ્ત્રી ઊંચકે, પોતાના ઊંચકે, પારકા ઊંચકે, વ્હાલથી ઊંચકે, ઈર્ષ્યાથી ઉંચકે, આમ દરેક વખતે ભાર જુદો હોય છે.*